સને ૨૦૧૪-૨૦૧૫ ના વર્ષના અંદાજપત્રમાંથી એપ્રિલ-૨૦૧૪ થી મે-૨૦૧૪ સુધીની ગ્રાન્ટ ફાળવવા બાબત.....
માંગણી ક્રમાંક: ૯૬ (આદિજાતિ વિકાસ) (આયોજન હેઠળ)

ગુજરાત સરકાર
નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
ઠરાવ ક્રમાંક : બીયુડી/૧૦૨૦૧૪/૩૨૧/ખ-૩
સચિવાલય, ગાંધીનગર
તારીખ :૦૯-૦૫-૨૦૧૪

વંચાણે લીધો –

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ (આદિજાતિ વિકાસ) ના તા.૧૧-૦૪-૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક: બીયુડી/૧૦૨૦૧૪/પ્લાન/ઓડી-૧/ છ.

ઠરાવ : -

આમુખમાં દર્શાવેલા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ (આદિજાતિ વિકાસ) ના તા. ૧૧-૦૪-૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક: બીયુડી/૧૦૨૦૧૪/પ્લાન/ઓડી-૧/ છ થી સને ૨૦૧૪-૧૫ ના વર્ષના અંદાજપત્રમાં આયોજન હેઠળ આ વિભાગને ફાળવવામાં આવેલ ગ્રાન્ટ રૂા.૫૮૧૬.૬૮ લાખ (અંકે રૂપિયા અઠ્ઠાવન કરોડ સોળ લાખ અડસઠ હજાર પુરા) ની ગ્રાન્ટ ઉપસચિવશ્રી (પા.પુ.) નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગર હસ્તક મુકવામાં આવે છે. આયોજન હેઠળની ઉક્ત ફાળવેલ ગ્રાન્ટ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગરને માંગણી ક્રમાંક : ૯૬, મુખ્ય સદર – ૪૨૧૫ માં નીચે જણાવેલ વિગતવાર સદરોએ સ્થાયી ખર્ચ તથા કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓમાં ખર્ચ કરવા ફાળવણી કરવામાં આવે છે.

# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

( રૂપિયા લાખમાં )

| અ.નું | વિગતવાર સદર | | અપ્રિલ ૨૦૧૪ થી મે ૨૦૧૪ સુધી<br>આયોજન હેઠળ | રકમ શબ્દોમાં |
|---|---|---|---|---|
| ૧ | ૨ | | 3 | ૪ |
| | માંગણી ક્રમાંક - ૯૬ (આયોજન હેઠળ) | | | |
| ૧ | મુખ્ય સદર -<br>પેટા સદર -<br>ગૌણ સદર -<br>પેટા મુખ્ય સદર -<br>વિગતવાર સદર -<br>હેતુ સદર -<br>હેડ ચાર્જેબલ - | ૪૨૧૫ પાણી પુરવઠો અને સ્વચ્છતા અંગે મૂડી ખર્ચ જોગવાઈ<br>૦૧ પાણી પુરવઠો<br>૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના<br>૦૧ ડબલ્યુ. એસ.એસ.-૪૭ ગ્રામીણ પાણી પુરવઠાની સરકારી યોજનાઓ (પીવાનું પાણી)<br>૦૦<br>૬૦૦૦ અન્ય મૂડી ખર્ચ<br>૪૨૧૫ ૦૧ ૭૯૬ ૦૧ | ૫૭૬૬.૬૮ | અંકે રૂપિયા સત્તાવન કરોડ છાસઠ લાખ અડસઠ હજાર પુરા |
| ૨ | પેટા મુખ્ય સદર -<br>વિગતવાર સદર -<br>હેતુ સદર -<br>હેડ ચાર્જેબલ - | ૦૩ ડબલ્યુ. એસ.એસ.-૩૫ સુજલામ સુફલામ યોજના - પીવાના પાણીની યોજના<br>૦૦<br>૬૦૦૦ અન્ય મૂડી ખર્ચ<br>૪૨૧૫ ૦૧ ૭૯૬ ૦૩ | ૫૦.૦૦ | અંકે રૂપિયા પચાસ લાખ પુરા |
| | **સરવાળો -** | **૪૨૧૫** | **૫૮૧૬.૬૮** | |

શરતો :-

૧. સદર ગ્રાન્ટમાંથી ચાલુ વર્ષના વીજળીના બીલો ભરવાના થતા હોય તો અગ્રતા આપવાની રહેશે.

૨. સને ૨૦૧૪-૧૫ ના વર્ષમાં કરવામાં આવેલ બજેટની જોગવાઈ પરત્વે ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં રહીને જેતે હેતુસર ગ્રાન્ટ ફાળવવામાં આવી હોય તે હેતુસર જ ખર્ચ કરવાનો રહેશે. ફાળવેલ ગ્રાન્ટ કરતા વધુ ખર્ચ થશે તો તેની જવાબદારી નિયંત્રણ અધિકારીની રહેશે.

૩. ફાળવેલ ગ્રાન્ટ જે તે હેતુ માટે વાપરવામાં આવી હોય છે તે અંગેનું ઉપયોગીતા પ્રમાણપત્ર ઉપસચિવશ્રી (પા.પુ.) ને મોકલ્યા બાદ જ નવી ગ્રાન્ટ ફાળવવામાં આવશે.

૪. ગ્રાન્ટ ફાળવણીના સંદર્ભમાં ખરેખર ખર્ચની માહિતી પછીના માસની ૧૦ તારીખ સુધીમાં સમયસર પુરતી ચોકસાઈથી તૈયાર કરીને વિભાગને અચૂક મોકલવાની રહેશે. જેથી ભવિષ્યમાં ઓડીટપારા ઉદભવે નહિ.

૫. ફાળવેલ ગ્રાન્ટમાંથી અંદાજપત્રમાં જોગવાઈ કર્યા પ્રમાણેના બધા જ વિગતવાર સદરોએ ખર્ચ કરવાનો રહેશે.

૬. આમુખમાં દર્શાવેલ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ (આદિજાતિ વિકાસ) ના તા.૧૧-૦૪-૨૦૧૪ ના ઠરાવમાં દર્શાવેલ શરતો પણ ધ્યાને લેવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તમના નામે.

(આર. બી. સોલંકી)
સેક્શન અધિકારી
નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

પ્રતિ,

(૧) ઉપસચિવ (પા.પુ.), નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૨) સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
(૩) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત. અમદાવાદ/ રાજકોટ.
(૪) મુકામી અને તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
(૫) ઉપસચિવશ્રી (બજેટ), નાણા વિભાગ, ક – શાખા, સચિવાલય, ગાંધીનગર.
(૬) નાણાંકીય નિયંત્રકશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર..
(૭) મુખ્ય ઈજનેરશ્રી, (પ્લા. અને મોની.), ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
(૮) ઉપસચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ (આદિજાતિ વિકાસ), સચિવાલય, ગાંધીનગર
(૯) જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
(૧૦) સીસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગરને વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારું.
(૧૧) નાયબ સેક્શન અધિકારી.
(૧૨) પસંદગી ફાઈલ.